## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



જો આમાં લખ્યું એ પ્રમાણે લાલુ નિર્દોષ હોય વાડ્રા ખેડુત હોય, કાશ્મીરનાં પત્થરબાજ વિદ્યાર્થી હોય તો... નક્કી આપણે પાગલ છીએ...!!

# વિપક્ષના નેતાની ચેમ્બર પંચાયત પ્રમુખની ચેમ્બર બનતાં વિપક્ષી સભ્યો નારાજ થયા

## પંચાયત પ્રમુખની ચેમ્બરમાં પ્લાયવુડ ઉખડી પડી જતાં તાત્કાલિક રિનોવેશન માટે તેમની કચેરી વિપક્ષની ચેમ્બરમાં ખસેડાઈ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોરની કચેરીનું સ્થળાંતર કરાતાં વિપક્ષ ભાજપને ચેમ્બર ફરી એકવાર ગુમાવવાનો વારો આવ્યો છે.

પંચાયત પ્રમુખની એન્ટી ચેમ્બરમાં પ્લાયવુડ જે મારવામાં આવ્યું હતુ તે ઉખડી અને નીચે પડતાં તાત્કાલિક અસરથી કચેરીનું રિનોવેશન હાથ પર લેવાની ફરજ પડી હતી.

તેમની કચેરી તાત્કાલિક અસરથી ભાજપના સભ્યો માટે ફાળવવામાં આવેલ આંકડા અધિકારીની બાજુની કચેરીમાં જગ્યા ફાળવી દેવાઈ અને પુનઃ એક વખત વિપક્ષની ચેમ્બર ખાલી થઈ જવા પામી છે.

જો કે આજે રેતી-કાંકરીની ગ્રાન્ટના વિવાદમાં ભાજપ-કોંગ્રેસના સભ્યોએ તેમની બેઠક પ્રમુખની નવી ચેમ્બરમાં કરી હતી અને આ મુદ્દે જિલ્લા વિકાસ અધિકારીને સમૂહમાં મળી રજુઆતો પણ કરી હતી.

વિપક્ષના નેતા જયેશ ચૌધરીને ફળવાયેલી આ ચેમ્બરમાં નવી પંચાયતના ત્રીજા પદાધિકારીએ આજે સ્થાન ગ્રહણ કર્યું હોવાની વાતો પણ ચર્ચામાં હતી.

અગાઉ આ ચેમ્બરમાં ૨૦ મુદ્દા સમિતિના ચેરમેન ચારેલ બેસતા હતા. આ પછી આ ચેમ્બર વિપક્ષને ફાળવવામાં આવી હતી હવે આ ચેમ્બર પંચાયત પ્રમુખને ફાળવવામાં આવતાં તેઓ ત્રીજા પદાધિકારી બન્યા છે.

પંચાયત પ્રમુખની ચેમ્બરમાં પ્લાયવુડ ખુબજ ખરાબ રીતે ઉખડી અને નીચે પડતાં કામગીરીને લઈ સવાલો ઉઠ્યા છે. આ ચેમ્બરમાં ક્યાંક ક્યાંક ઉધઈનું સામ્રાજ્ય પણ જોવા મળતુ હોવાની વાતો કર્મચારીઆલમમાં ચર્ચાતી હતી.

હાલ તો વિપક્ષને બેસવા માટે જગ્યા રહી ન હોવાથી વિપક્ષના સભ્યો મૂંઝવણમાં મુકાયા છે. તેઓ કહે છે અમારો વાંક શું ? ગુનો શુ ?




બિલ્ડર્સ એસોસિએશનનો સેમિનાર : ગાંધીનગર બિલ્ડર્સ એસોસિએશન દ્વારા જીએસટી અને રેરાના માર્ગદર્શન માટે સેમિનાર યોજાયો હતો. જાણીતા તજજ્ઞો સુરેશ પટેલ અને પરેશ જાની રેરા અંગે અને રાહુલ પટેલે જીએસટી અંગે વિગતવાર છણાવટ કરી હતી. આ સેમિનારમાં શહેરના બિલ્ડરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જો જો આલમપુર શાકભાજી સબયાર્ડમાં દુકાન ભાડે લેતા... ફસાઈ જશો..!!!

## માર્કેટયાર્ડ દ્વારા ૩૩ દુકાનો હરાજીથી ભાડે આપવાની જાહેરાત સામે હોલસેલ વેજીટેબલ વેપારી એસોસિએશનની કાનુની ગુંચવણમાં ફસાઈ જવાની ચિમકી : માર્કેટયાર્ડ સામે છેતરપીંડીનો કેસ હાઈકોર્ટમાં ચાલુ હોવાથી સંભવિત ભાડૂઆતોને હરાજીથી દૂર રહેવા સલાહ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા આલમપુર શાકભાજી સબયાર્ડમાં ૩૩ દુકાનોને હરાજીથી નોન રીફંડેબલ પ્રિમિયમથી ભાડે આપવાની જાહેરાત કરવામાં આવી છે. આ જાહેરાતના પગલે ગાંધીનગરના હોલસેલ વેજીટેબલ એન્ડ ફ્રુટ વેપારી વેલ્ફેર એસોસિએશન દ્વારા સંભવિત ભાડુઆતોને દુકાન ભાડે લેવા જતા કાનુની કેસમાં ફસાઈ જવાની ચિમકી સાથે માર્કેટયાર્ડ સમિતિ પર વેપારીઓ પાસેથી એડવાન્સ નાણાં લઈ નિયત કરતા નાની દુકાનો આપી દેવાની ગેરરીતિ આચરવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

હોલસેલ વેજીટેબલ એન્ડ ફ્રુટ વેપારી વેલફેર એસોસિશન દ્વારા માર્કેટયાર્ડ સમિતિએ એસોસિએશનના ૫૦ સભ્ય વેપારીઓ પાસેથી વર્ષ ૨૦૧૩માં આલમપુર શાકભાજી સબયાર્ડ માટે રૂ. ૧૩ લાખનું એડવાન્સ પેમેન્ટ લઈ રૂ. ૨૦ લાખના ભાવે ૫૦ દુકાનોનું નિર્માણ કરવાનો વાયદો કર્યો હોવાનું જણાવાયુ છે. માર્કેટયાર્ડ સમિતિએ આ વાયદાનો ભંગ કરી દુકાનોની સાઈઝ નાની બનાવી ૫૦ને બદલે ૮૩ દુકાનો બનાવી વધારાની ૩૩ દુકાનો થકી ભાડાની આવક રળવાનો કારસો રચ્યો હોવાનો એસોસિએશને આક્ષેપ કર્યો છે. એસોસિએશન દ્વારા આ મુદ્દે છેતરપીંડીના આરોપ સાથે ગુજરાત હાઈકોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે. જેનો હજુ નિર્ણય આવ્યો નથી. બીજી તરફ માર્કેટયાર્ડ દ્વારા વધારે બાંધવામાં આવેલી ૩૩ દુકાનોને હરાજી દ્વારા ભાડે આપવાની જાહેરાત કરાતા એસોસિએશન ચોંકી ઉઠ્યુ છે અને આ કેસ અદાલતમાં હોવાથી ભાડે લેવા ઈચ્છનાર સંભવિત ભાડૂઆતોના જાહેર હિતમાં આ પ્રક્રિયાથી દૂર રહેવા તાકીદ કરી છે. આમ છતાં જો હરાજીમાં ભાગ લેવામાં આવશે તો કાનુની કેસમાં ફસાઈ જવાની એસોસિએશને ચિમકી પણ ઉચ્ચારી છે.

# પૂરની સ્થિતિમાં સેલ્ફી લેવાનું ટાળજો : તણાઈ જવાનો ભય

ગાંધીનગર, તા. ૧૫

ભારે વરસાદને કારણે રાજ્યમાં અનેક નદીઓમાં પુર આવ્યા છે. કેટલાક નીચાણ વાળા વિસ્તારોમાંથી પાણી વેગમાં વહી રહ્યા છે. આવા સંજોગોમાં નદી કિનારે પૂર જોવા જવાનું ટાળવું એટલું જ નહીં પુરની કે ઝડપથી વહેતા પાણી નજીક જઈ મોબાઈલ ફોન દ્વારા સેલ્ફી લેવાનું ટાળવું કારણ કે, અતિ ઝડપી પ્રવાહને કારણે પાણીમાં તણાઈ જવાનું સૌથી મોટું જોખમ રહેલું હોય છે. આ કારણે જ મહેસુલ વિભાગના અધિક મુખ્યસચિવ પંકજ કુમારે પૂરની સ્થિતિમાં સેલ્ફી નહીં લેવા નાગરિકોને અનુરોધ કર્યો છે. તેમણે અનુરોધ કરતાં એમ પણ જણાવ્યું છે કે, ભારે ચોમાસાની સ્થિતિમાં જરૂરત પડે ત્યારે નાગરિકોને વહિવટી તંત્રનો સંપર્ક કરવો. પ્રત્યેક જિલ્લામાં કંટ્રોલ રૂમ કાર્યરત છે. જેનો નંબર ૧૦૭૭ છે. તેના ઉપર સંપર્ક કરવો અને વહિવટી તંત્ર દ્વારા મળતી સૂચનાનું પાલન કરી સ્થળાંતર વગેરે પ્રક્રિયામાં સાથ આપવો.

## શહેરમાં જીએસટી અંગે સેમીનાર યોજાશે

ગાંધીનગર શહેરના સે-૧૭ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ચ-૫ ખાતે ૧૭ જુલાઈને સોમવારના રોજ સાંજે ૬.૩૦ થી ૮.૩૦ દરમિયાન જીએસટી અંગે જાહેર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. સેમીનારમાં સી.એ. ચિંતન એ.ઠક્કર ઉપસ્થિત રહીને જીએસટી અંગે માર્ગદર્શન પુરુ પાડશે. નગરજનોને જીએસટી અંગે મુજવતા પ્રશ્નોનો ઉકેલ લાવશે. સેમીનારમાં સૌ નાગરીકોને ઉપસ્થિત રહેવા જાહેર અનુરોધ કરાયો છે.

# ફતેપુરામાં ખુલ્લેઆમ જુગાર રમતા પાંચ શકુનીઓ પકડાયા

## ૧૧ હજારનો મુદ્દામાલ જપ્ત કરી સે-૭ પોલીસે કાર્યવાહી કરી

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરનાં સે-૧૫ ફતેપુરા ખાતે ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી મળતા સે-૭ પોલીસે આજે બપોરે દરોડો પાડી પાંચ શખ્સોને જુગાર રમતા રંગેહાથ પકડી પાડ્યા હતા. રોકડ રુ.૧૧ હજારના મુદ્દામાલ સાથે પાંચેયની ધરપકડ કરી લઈને સે-૭ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેક્ટર-૭ પોલીસ મથકનાં ડીસ્ટાફ પી.એસ.આઈ વી.આર. પ્રજાપતિની ટીમને આજે બપોરે બાતમી મળી હતી કે સે-૧૫ ફતેપુરા ખાતે ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો છે અને કેટલાક શકુનીઓ ટોળુ કરીને હાર-જીતનો જુગાર રમી રહ્યા છે. આ બાતમીને આધારે સે-૭ પોલીસ સ્ટેશનની ટીમે બાતમી વાળા સ્થળે દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને જુગારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. પોલીસે ફતેપુરાનાં યાજવીર રામરુપ કાચી, ઉધ્ધીસિંગ રામકરણ સિંગ, જીતેન્દ્ર રામસિંગ રાજપુત, સનુ રામકિશન કોરી અને ચંદ્રપ્રલય ફકીરે કોરી મળી પાંચ શખ્સોને પકડી પાડ્યા હતા. દાવ પરથી રોકડ રુ. ૮૯૦ અને અંગ જડતીમાંથી રુ.૧૦૨૦૦ મળી કુલ રુ.૧૧,૦૯૦ ના રોકડ મુદ્દામાલ સાથે પાંચેયની ધરપકડ કરી લઈ સે-૭ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રૂપાલ-રાંધેજા રોડ પર હિટ એન્ડ રન : એક્ટીવાચાલકનું મૃત્યુ ૨

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર નજીક રુપાલ-રાંધેજા રોડ પર ગઈ સાંજે બેફામ જતા અજાણ્યા વાહનચાલકે રાંધેજાનાં એક્ટીવાચાલક યુવાનને અડફેટે લઈ લેતા આ યુવાનનું ઘટના સ્થળ પર જ કરુણ મૃત્યુ નિપજ્યુ હતુ. તો બીજી તરફ અકસ્માત સર્જીને અજાણ્યો વાહન ચાલક સ્થળ પરથી વાહન સાથે પળવારમાં રફૂચક્કર થઈ ગયો હતો. આ મામલે પેથાપુર પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે હિટ એન્ડ રનનો ગુનો દાખલ કરી મૃતદેહ પી.એમ કરાવી વધુ તપાસ શરુ કરી છે.

ગાંધીનગર નજીક રાંધેજા ગામમાં રહેતો યુવાન વિનોદભાઈ દશરથભાઈ દંતાણી ગઈ કાલે સાંજે પોતાનું એક્ટીવા નં.જીજે ૧૮ સી.બી. ૯૦૭૩ લઈને રુપાલથી રાંધેજા પોતાના ઘર તરફ આવી રહ્યો હતો. તે દરમ્યાન આ યુવાનને બેફામ ગતિએ આવી રહેલા અજાણ્યા વાહન ચાલકે અડફેટે લઈ લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. એક્ટીવા ચાલક વિનોદભાઈનું સ્થળ પર જ કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતુ.

